વિજયનગર પોળો જંગલમાં ભારે વાહનોની અવર જવર ઉપર પ્રતિબંધ

હોળી દરમ્યાન મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટવાની સંભાવના

બાયડ, તા.૬

હોળી-ધુળેટી પર્વ દરમ્યાન રજા હોવાથી સાબરકાંઠાના વિજયનગર પોળો વિસ્તારમાં મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટશે અને પ્રદૂષણનું પ્રમાણ વધે તેવી દહેશત સાથે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ભારે વાહનોની અવર જવર ઉપર તા.૨૯ એપ્રિલ સુધી પ્રતિબંધ ફરમાવવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યુ છે.

રાજય સરકાર અને વહીવટી તંત્ર દ્વારા પ્રવાસન ધામોના વિકાસ માટેની વાતો થઈ રહી છે પરંતુ અફાટ કુદરતી સૌંદર્યથી ભરપુર સાબરકાંઠાના વિજયનગરના પોળો જંગલ વિસ્તારમાં સહેલાણીઓ માટે આકર્ષવારુપ સુવિધા ઉભી કરવામાં વહીવટી તંત્ર સીઆમ નિષ્ફળ રહ્યું છે. જ્યારે તહેવારો આવે ત્યારે તંત્ર પ્રવાસન ધામોના વિકાસ માટે ગંભીર હોય તે રીતે જાહેરનામાં અમલી બનાવી દે છે. તંત્ર દ્વારા પોળો જંગલના સારણેશ્વર મંદિર સહિતના વિસ્તારોમાં ઈકો ટુરીઝમ તરીકે વિકસાવવાનું જિલ્લા કલેકટરે જાહેરનામું પ્રસિદ્ધ કર્યું જેથી પોળો વિસ્તારના સારણેશ્વર મંદિરના ફોરેસ્ટ નાકા થી વણજ ડેમ અને વણજ ડેમ થી વિજયનગર તરફ જતા પ્રથમ ત્રણ રસ્તા સુધીના રોડ ઉપર ૪ પૈડાં અને તેથી ભારે વાહનો ઉપર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જો કે જિલ્લા કલેક્ટરનો આ નિર્ણય આવકાર દાયક છે પરંતુ જાહેરનામાનો અમલ કરાવવાની જવાબદારી છે તેવા પોલીસ અને વન વિભાગની નિષ્કાળજી આ વિસ્તારમાં ઉડીને આંખે વળગી રહી છે.

વર્ષોથી ચાલી આવતી પાણીની સમસ્યા ભૂતકાળ બનશે

ધનસુરાની આકરુન્દ ગ્રામ પંચાયતને નલ સે જલ યોજના હેઠળ રૂા. ૮૮ લાખની ગ્રાન્ટ તાંત્રિક મંજૂરી મળી

બાયડ, તા.૬

ધનસુરા તાલુકાના આકરુન્દ વિસ્તારમાં વર્ષોથી ચાલી આવતી પીવાના પાણીની સમસ્યા હવે આગામી દિવસોમાં ભૂતકાળ બનશે. ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા આકરુન્દ ગ્રામ પંચાયતને નલ સે જલ કાર્યક્રમ હેઠળ નળથી પીવાના પાણીની સુવિધા માટેની યોજનાના માટે રુ ૮૮,૦૭,૯૬૬ની તાંત્રિક મંજૂરી આપવામાં આવી છે અને વાસ્મો અરવલ્લી યુનિટ મેનેજરને તે અંગેની જાણકારી આપવામાં આવી છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર એક સમય એવો હતો કે આકરુન્દ પંથકમાં પીવાના પાણી માટે બેડા યુદ્ધ થતું હતું સમય જતાં પાણીની સમસ્યા હળવી થઈ અને છેલ્લા દોઢ-બે દાયકા દરમ્યાન માનવ વસતી વધી છતાં પીવાના પાણીનો સ્ત્રોત વધારવામાં ન આવતાં પ્રજાને ક્યારેક સપ્તાહમાં એકવાર અને ત્યારબાદ એકાંતરે પીવાનું પાણી મળતું હતું. આકરુન્દ ગ્રામ પંચાયત સરપંચ લલીતાબેન એમ. પટેલ, ઉપસરપંચ દિનેશભાઈ પટેલ દ્વારા રાજ્ય સરકારને આકરુન્દ ગામમાં પીવાના પાણીની સુવિધા, નવી પાઈપલાઈનો અને દરેકને ઘેર ઘેર નળ કનેક્શન મળી રહે તે માટે નલ સે જલ યોજના અંતર્ગત માતબર ગ્રાન્ટ ફાળવવા માટે રજૂઆત કરી હતી. રાજ્ય સરકારે પણ રજૂઆત પ્રત્યે ગંભીરતા દાખવી યોજના અંતર્ગત રુ ૮૮.૦૭ લાખની તાંત્રિક મંજૂરી આપતાં હવે આવનારા દિવસોમાં આકરુન્દ ગામમાં પાણીનું સંકટ ભૂતકાળ બની જશે.

પૂરતા પ્રેશરથી પાણી મળે તે માટે હાઈડ્રોલીક ડીઝાઈન

આકરુન્દ ગામના લોકોને પૂરતા પ્રેશરથી પીવાનું પાણી મળી રહે તે માટે જલ જીવન મિશન કાર્યક્રમ હેઠળ ગામનો સમાવેશ થયો છે અને યોજનાના દરેક નળ ઉપર પ્રજાને પૂરતા પ્રેશરથી પાણી મળે તે માટે હાઈડ્રોલીક ડીઝાઈનની ચકાસણી કરવા માટે પણ જણાવવામાં આવ્યું છે.

૩ લાખ લીટર પાણીની ક્ષમતાનો સંપ બનશે

આકરુન્દ ગ્રામ પંચાયતના ઉપસરપંચ દિનેશભાઈ પટેલે જણાવ્યું કે રાજ્ય સરકારે આકરુન્દ ગ્રામ પંચાયતને નલ સે જલ યોજનામાં સમાવીને પ્રજાની પાણીની સમસ્યા હળવી કરી છે. યોજના અંતર્ગત ૩ લાખ લીટરનો પાણી માટેનો સંપ બનાવાશે તેમજ ગામમાં નવી પાઈપલાઈન નાખવા માટે રુ ૩૦.૫૫ લાખ જેટલો ખર્ચ થશે તેમજ પંપીંગ અને રાઈજીંગ સીસ્ટમ માટે ૪૪.૪૯ લાખ જેટલો ખર્ચ થવાનો અંદાજ લગાવવામાં આવ્યો છે. રાજ્યના પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ દ્વારા કામને તાંત્રિક મંજૂરી આપી દેવામાં આવી છે.

ઉત્તર ગુજરાતમાં સમી સાંજે હોલિકાનું દહન, વૈદિક હોળી આકર્ષણનું કેન્દ્ર બની

મોટી સંખ્યામાં હોળીના દર્શનાર્થે પ્રજા ઉમટી

બાયડ, તા.૬

ફાગણી પુનમે સોમવારે ઉત્તર ગુજરાતના ગામે ગામ હોલિકાનું દહન કરી હોળી પર્વની

ભારે આસ્થા અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. હોળી પર્વ દરમ્યાન વૃક્ષો બચાવવાના અભિયાનને જાજી સફળતા મળી ન હતી. છાણાં અને લાકડાંના ઢગથી સળગાવી દૈત્ય શક્તિ પર દૈવી શક્તિના વિજયોત્સવને મનાવવા માટે મોટી સંખ્યામાં પ્રજા ઉમટી હતી. કેટલાક વિસ્તારોમાં તો વિદ્યાન બ્રાહ્મણોની ઉપસ્થિતિમાં પૂંજા-અર્ચન કર્યા પછી હોલિકા દહનના કાર્યક્રમ યોજાયા હતા. જેમ ના પ્રસંગના કારણે હોલિકા દહન સ્થળે ઢોલ-નગારાના અવાજ સાંભળવા મળ્યા હતા. જ્યારે મોડાસા, બાયડ સહિતના અનેક વિસ્તારોમાં ગાયત્રી પરિવાર દ્વારા વૈદિક હોળી પ્રગટાવી પર્યાવરણને જાળવવાનો પ્રયાસ થયો હતો તેની પર્યાવરણ પ્રેમીઓએ ઉમદા નોંધ લીધી હતી.

હવામાન પલ્ટાવથી ફરી એકવાર ઉનાળાનું આગમન ખોરંભે પડી ગયું છે. આમ તો ઠંડીની વિદાય અને ઉનાળાના આગમન સાથે જ ફાગણી પુનમે હોળી પ્રગટાવવા પાછળ બુઝર્ગોનો તર્ક રહેલો છે. ગામે ગામ હોળી પ્રગટાવવાના કારણે પર્યાવરણમાં શુદ્ધિ, મચ્છરોનો ઉપદ્રવ ઘટે તેમજ નકારાત્મકતા પણ દૂર થતી હોય છે. હોળી પ્રગટાવવાના સ્થળે જમીનમાં માટીના કુંભમાં દાણા નાખવામાં આવે છે અને બીજા દિવસે દાણા કેટલા ભીંજાયા તેના આધારે વર્ષ કેટલા આણી રહેશે તેની ભવિષ્યવાણી થતી હોય છે. પરંતુ વર્તમાન યુગમાં હોળીનું પર્વ ધીમે ધીમે તેની આગવી ઓળખ ગુમાવી રહ્યું છે. યુવાધન હોળીના દર્શને આવવાનું લગભગ ટાળતું હોય છે. જેથી ૪૦ થી ૭૦ વર્ષની ઉંમરના જ મોટાભાગે હોલિકાના દર્શન માટે જોવા મળતા હોય છે. છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં શુદ્ધિ લાવવા માટે હોળી પ્રગટાવાય ત્યારે ઘી, કપૂર સાથે જવા માટે પ્રજાને અપીલ કરવામાં આવી હતી તે રંગ લાવતી જોવા મળી. અનેક વિસ્તારોમાં જાગૃત નાગરિકો દ્વારા પર્યાવરણ જાગૃતિનો સંદેશ સૌને આપ્યો હતો. ક્યાંક ઈકો ફ્રેન્ડલી હોળીની ઉજવણી થયાનું પણ જાણવા મળ્યું છે. હોળી પર્વની પૂર્વ સંધ્યાથી જ ઉત્તર ગુજરાતના ગામે ગામ ઢોલ-નગારા સાથે અનેક લોકો ગોઠ ઉઘરાવવા માટે નિકળી પડ્યા છે. ઓછો વરસાદ અને આર્થિક મંદી છતાં પણ સુખી-સંપન્ન પ્રજાજનો ગોઠ લેવા આવનારને પણ નારાજ કરતા નથી.

હોળીના ધગધગતા અંગારા ઉપર ખુલ્લા પગે ચાલવાની પ્રથા અકબંધ

આજના આધુનિક યુગમાં અનેક રીતરીવાજો બદલાઈ રહ્યા છે પરંતુ ધાર્મિક દ્રષ્ટી સાથે જોડાયેલી માન્યતાઓ તેમજ પ્રથાઓ આજે પણ અકબંધ રહી છે. હોળીના દિવસે કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં ધગધગતા અંગારા ઉપર ખુલ્લા પગે ચાલવાની પ્રથા આજે પણ જોવા મળી હતી. ખેડબ્રહ્મા તાલુકાના આગીયા તેમજ હિંમતનગર તાલુકાના અડપોદરામાં પણ હોલિકા દર્શન પછી અસંખ્ય લોકોએ ધગધગતા અંગારા ઉપર ખુલ્લા પગે ચાલી હોળી પ્રત્યેની પોતાની આસ્થા પ્રગટ કરી હતી.

સજા ભોગવતા વિદ્યાર્થી કેદીઓ પણ ધો.૧૦-૧૨ બોર્ડની પરીક્ષા આપશે

રાજ્યની વિવિધ જેલમાં બંધ ૧૫૭ વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે : મધ્યસ્થ જેલમાં પરીક્ષા કેન્દ્રની વ્યવસ્થા કરાઈ

બાયડ, તા.૬

આગામી તા.૧૪ માર્ચ-૨૦૨૩ થી ધો.૧૦ અને ૧૨ બોર્ડ પરીક્ષા યોજાવવાની છે ત્યારે રાજ્યની વિવિધ જેલના બંદીવાન ખાનગી વિદ્યાર્થીઓ બોર્ડની પરીક્ષા આપશે જેમાં ધો.૧૦માં ૧૦૧ અને ધો.૧૨માં ૫૬ વિદ્યાર્થીઓ પરીક્ષા આપનાર હોવાનું જાણવા મળ્યું છે. જે તે મધ્યસ્થ જેલમાં પરીક્ષા કેન્દ્રની વ્યવસ્થા કરાઈ છે. પ્રાપ્ત જાણકારી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા બોર્ડ પરીક્ષા માટે એક્શન પ્લાન જાહેર કરાયો છે અને જેલમાં સજા ભોગવતા વિદ્યાર્થીઓ પણ તેમની સારી કારકીર્દી બનાવી શકે તે માટે પણ હકારાત્મક અભિગમ સરકાર અને શિક્ષણ વિભાગ અપનાવી રહ્યું છે. રાજ્યની અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત જેલના બંદીવાન ખાનગી વિદ્યાર્થીઓ પરીક્ષા આપશે તેવું જાણવા મળ્યું છે.

શામળાજી મંદિરમાં ભગવાન કાળીયા ઠાકોર પર ચાંદીની પીચકારીથી કેસૂડાંનો રંગ છંટાયો

ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું, ધાણીનો પ્રસાદ

મોડાસા, તા. ૬

રાજ્યભરમાં આસ્થાના કેન્દ્ર સમા સુપ્રસિદ્ધ યાત્રાધામોમાં દર વર્ષે રંગેચંગે હોળી-ધુળેટીની ઉજવણી કરવામાં આવે છે જેમાં મંદિરમાં બિરાજતા ભગવાનને પણ સોના-ચાંદીની પિચકારીથી પૂજારી કેસુડો અને અબીલ-ગુલાલના રંગે રંગતા હોય છે અને મંદિર પરિસરમાં શ્રદ્ધાળુઓ ભગવાનના સાનિધ્યમાં હોળી-ધુળેટીની ઉજવણી કરી ધન્ય બને છે. ફાગણી પુનમ નિમિતે



શામળાજી મંદિરમાં વહેલી સવારથી ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું શામળાજી મંદિરમાં ભગવાન શામળિયાને ચાંદીની પીચકારીમાં કેસુડો અને અબીલ-ગુલાલથી રંગોત્સવ રમાડવામાં આવ્યો હતો ભક્તો પર કેસુડો અને અબીલ-ગુલાલ છાંટતા ભક્તો અભિભૂત થયા હતા ભગવાન કાળીયા ઠાકોરને ધાણીનો પ્રસાદ ધરાતા ભક્તો ધાણીનો પ્રસાદ ગ્રહણ કરી ધન્યતા અનુભવી હતી.

સુપ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી મંદિરમા ફાગણી પૂનમે ભક્તોનું વહેલી સવાર થી ઘોડાપુર ઉમટ્યું હતું મંદિરમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ભગવાન કાળીયા ઠાકોર સાથે હોળીનો રંગોત્સવ ઉજવવા યાત્રાધામમાં ઉમટ્યા હતા શામળિયા ભગવાનને હોળી-ધુળેટી તહેવાર નિમિત્તે અનોખો શણગાર સજ્યો હતો અને શણગાર આરતી સમયે ભગવાન શામળિયાને પણ હોળી રમાડવામાં આવી છે.શામળાજી મંદિરના મુખ્યાજી અને પૂજારીએ અબીલ ગુલાલના રંગો અને કેસુડાના રંગને ચાંદીની પીચકારીમાં ભરી ભગવાન શામળીયાને રંગોત્સવ રમાડવામાં આવ્યા છે.જાણે સમગ્ર મંદિર પરિસર અબીલ ગુલાલની છોળોથી રંગાઈ ગયું હતું.ભગવાન શામળીયાને સફેદ કોટન વસ્ત્રો નો સુંદર વાઘા માં સુશોભિત કરવામાં આવેલ હતા તથા ભગવાન ને સોના હીરાનાં આભુષણો પહેરાવવામાં આવ્યા હતા શણગાર આરતી પછી ભગવાન શામળીયા પર કેસુડાનો રંગ છંટકાવ કર્યા પછી ચાંદીની પીચકારી વડે ભક્તો પર અબીલ ગુલાલ તથા કેસુડા નો રંગ નો છંટકાવ કરવામાં આવ્યો હતો આ સમયે ભક્તો ભગવાન નાં ગભૅગૃહ માં નાચી ઉઠ્યાં હતાં યાત્રાધામ શામળાજી મંદિર ખાતે હોળીનો પાવન પર્વ ભાવ અને શ્રદ્ધા પૂર્વક ઉજવાયો હતો . હોળીના પવન અવસરે ભગવાન શામળિયાના દર્શને હાજરો ભક્તો ઉમટયા હતા અને ભગવાન શામળિયાના દર્શન કરી હોળીના રંગે રંગાયા હતા

પાલનપુર ખાતે સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ, ધો.૮-૧૦ અને ૧૨ના છાત્રોનો શુભેચ્છા સમારોહ યોજાયો

સમરસતાના ભાવ સાથે ઘરેથી નાસ્તો લાવીને વિદાય લેતા દીકરા દીકરીઓને શાળામાં નાસ્તો કરાવીને અનોખી રીતે વિદાય યોજાઈ :બાળકો દ્વારા ૫૪૦ કિલો (૨૭ મણ) ઘરે થી પ્રસાદ રૂપે સુખડી લાવી

પાલનપુર તા. ૬

પ્રકૃતિ નો નિયમ છે કે સુરજ ઉગે છે અસ્ત થવા માટે એને ખબર છે કે જો અસ્ત થઈ શ તોજ બીજા દિવસે ઉગી શકશે.. ફુલ ઉગે છે કરમાવા માટે કારણ કે ફુલ કરમાઈ જશે તો જ એ જગ્યા પર નવું ફુલ ખિલશે...વસંત પછી પાનખર અને પાનખર પછી વસંત આવે જ છે.. આ કુદરતી રીતે પરિવર્તનો થયા કરે છે.. એમ શાળામાં જે અભ્યાસ કરે છે તેમને એક દિવસ વિદાય લેવી પડે છે.

વર્ષો સુધી જ્યાં રોજ સવારે નિયમિત આવતા, રમતાં, ભણતાં અને વિશાળ સંસ્મરણો ભેગાં કર્યા તે શાળાને છોડતાં બાળકોનું હૈયું ભરાઈ આવ્યું. પગ પર જાણે મણ-મણની મણિકા બાંધી હોય તેમ લાગ્યું. અહીં જ એમને સુખના સરવાળા અને દુઃખની બાદબાકી શીખવા મળી હતી. જિંદગીને ખેલદિલીથી જીવવાનો મંત્ર મળ્યો. સુખદુઃખના ભાગીદાર એવા મિત્રો જોવા મળ્યા હતા. એ બધાંને આજે છોડી જવાનું ? આ શાળાની મૂકપ્રેક્ષક બની બેઠેલી પાટલીઓ, બ્લેકબોર્ડ, નોટિસબોર્ડ, પુસ્તકાલય, રમતનું મેદાન, કોમ્પ્યુટર રૂમ, મલ્ટી મીડિયા હોલ, સ્કૂલ નું રોજ કઈક નવું શીખવતું સ્ટેજ આ બધાં જ જાણે કે બાળકોને છેલ્લી વિદાય આપી રહ્યાં છે.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,શ્રી સોળગામ લેઉવા પાટીદાર પ્રગતિ મંડળ પાલનપુર સંચાલિત સ્વસ્તિક શૈક્ષણિક સંકુલ પાલનપુર સંલગ્ન શ્રી કે. કે. ગોઠી હાઈસ્કૂલ અને સ્વસ્તિક ઉચ્ચતર માધ્યમિક શાળા,પાલનપુરના ધોરણઃ૮, ૧૦ અને ૧૨ ના બાળકો નો શુભેચ્છા સમારોહ ઉકરડા આશ્રમના મહંત ચીનુભારથી બાપુના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ શુભેચ્છા સમારોહમાં અનોખી રીત એ જોવા મળી હતી જે વિદાય આપતા બાળકો ઘરેથી નાસ્તો બનાવીને શાળામાં લાવ્યા હતા. અને વિદાય લેતા ભાઈ બહેનો ને જોડે બેસાડીને સમરસતાના ભાવ સાથે નાસ્તો કરાવી પોતાના જીવનમાં ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ આપી હતી. સ્વસ્તિક મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ પાલનપુર ની દીકરીઓએ પણ પોતાની સહકારી મંડળી થકી જાતે નાસ્તો બનાવીને નાના ભાઈ બહેનોને નાસ્તો કરાવીને શુભેચ્છાઓ આપી હતી. સાથે સાથે શાળા ગુરુજીઓ, આચાર્યઓ તેમજ મહેમાન હોય વિદાય લેતા દીકરા દીકરીઓ ખૂબ આગળ વધે એવા શુભ આશીર્વાદ આપ્યા હતા. શાળાના પ્રમુખ રમેશભાઈ પટેલ એ દીકરા દીકરીઓને આર્શીવાદ આપતા કહ્યું હતું કે, જીવન માં આગળ વધવા માટે દરેક કામ નિષ્ઠા અને નૈતિકતાથી કરજો. પછી જોજો સફળતા તમને શોધતા શોધતા તમારા દ્વાર સુધી આવશે. મુક્ત મને પરીક્ષા આપજો અને સ્વસ્તિક માં જે સંસ્કાર મળ્યા છે એનું ક્યાંય લાંછન ન આવે તેનું ધ્યાન રાખજો. આપણે કોઈની લાઈનમાં ઊભા નથી રહેવું, લાઈન આપણી સામે હોવી જોઈએ એવી સફળતા પ્રાપ્ત કરો તેવી શુભકામનાઓ આપી હતી. આ પ્રસંગે ભૈરવ ઉપાસક ગિરીશ મહારાજ, તમામ વિભાગના આચાર્યઓ, સુપરવાઈઝરઓ, ગુરુજીઓ વિશાળ વાલીઓ અને ટ્રસ્ટીઓ હાજર રહ્યા હતા. આભાર વિધિ શાળાના સફળ સુકાની મણી ભાઈ સુથાર દ્વારા કરવામાં આવ્યું હતું.

પ્રાંતિજ ખાતે એકતા મહિલા મંડળ દ્વારા રોગ નિદાન કેમ્પ યોજાયો

પ્રાંતિજ તા.૬

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સુન્ની મુસ્લિમ પટણી જમાત એકતા મહિલા મંડળ દ્વારા રોગ નિદાન કેમ્પ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા પ્રાંતિજ સહિત તાલુકા માંથી ૨૦૩ લોકોએ કેમ્પ નો લાભ લીધો હતો. પ્રાંતિજ ખાતે કાર્યરત સુન્ની મુસ્લિમ પટણી જમાત એકતા મહિલા મંડળ દ્વારા સમાજ લક્ષી તથા લોકહિત , લોક ઉપયોગી કાર્યકરે છે અને વર્ષ મા પાંચ થી નવ કાર્યક્રમો સમાજ ઉપયોગી સમાજ લક્ષી કરે છે ત્યારે એકતા મહિલા મંડળ દ્વારા પ્રાંતિજ એમ.સી.દેસાઈ જનરલ હોસ્પિટલ ખાતે તા.૫૩૨૦૨૩ ને રવિવાર ના રોજ રોગ નિદાન કેમ્પ નુ આયોજન કરવામા આવ્યુ હતુ જેમા સ્ત્રીરોગ નિષ્ણાંત ડાં.લાલા એમ.એમ તથા ડાં.મોહંમદ મદની એમ , બાળરોગ ના નિષ્ણાંત ડાં.ફૈચાઝ રાણાવડીયા , આંખરોગના નિષ્ણાંત ડાં.વલજીવાલા , દાંત રોગના નિષ્ણાત ડાં.વલજીવાલા મરીયમબેન સહિતના નિષ્ણાંતો ઉપસ્થિત રહ્યા હતા અને ડાંકટરી સેવાઓ આપીહતી તો રોગ નિદાન કેમ્પ મા પ્રાંતિજ સહિત તાલુકામાંથી આંખ વિભાગમા ૮૦ , ગાયનેક વિભાગમા ૪૦ , બાળરોગ વિભાગમા ૩૮ , દાંત રોગ વિભાગમા ૪૫ મળી કુલ-૨૦૩ લોકોએ કેમ્પ નો લાભ લીધો હતો તો કેમ્પ ને સફળ બનાવવા એકતા મહિલા મંડળ ના પ્રમુખ પુરાલવારા મહેજબીન , ઉપપ્રમુખ તલોદિયા હનીજફાતમા , સેકેટરી દલાલ અમ્બર જહાં , ખજાનચી દલાલ સાહિસ્તાબીબી , વ્હોરા મુનીરા બાનુ સહિત ની સમગ્ર ટીમ દ્વારા સુંદર આયોજન કરવામા આવ્યુ હતુ

પાલનપુર સીટી હાયર સેકન્ડરી સ્કૂલના ધો. ૧૦-૧૨ના છાત્રોનો વિદાય સમારંભ યોજાયો

પાલનપુર તા.૬

મુસ્લિમ કેળવણી મંડળ ટ્રસ્ટ સંચાલિત પાલનપુર સીટી હાયર સેકન્ડરી સ્કૂલમાં આજે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થી ઓનો વિદાય સમારોહ યોજાયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે,આ પ્રસંગે ઉપપ્રમુખ ઈલિયાસભાઈ નાગોરી અને શાળાના પ્રિન્સિપાલ ઝેડ. એ.ઘાસુરાએ અપાતી પરીક્ષાની બોર્ડની સમજ આપી હતી. દર બોર્ડની પરીક્ષા માં પરિણામ શાળાનું સારું આવે છે. આ પ્રસંગે ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ શિક્ષક ગણ અને મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા. પધારેલા વાલીઓ અને વિદ્યાર્થી ઓને આશીર્વાદ પાઠવ્યા હતા.

અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદ બંધ કરાતાં યાત્રાળુઓ લાલઘૂમ

પ્રસાદ તો મોહનથાળનો જ જોઈએ : માઈભક્તોની માંગ

અંબાજી, તા. ૬

ગુજરાતના સુપ્રસિધ્ધ યાત્રાધામ અંબાજીમા દરરોજ હજારોની સંખ્યામાં માઈ ભક્તો મા અંબાના ચરણે આવી શીશ નમાવે છે. અને મા જગતજનનીનો આશીર્વાદ રૂપ ગણાતો મોહનથાળનો મહાપ્રસાદ લઈ ધન્યતા અનુભવતા હોય છે. વર્ષોથી અંબાજી મંદિરમાં માના આશીર્વાદ રૂપે ચાલતો મોહનથાળનો મહાપ્રસાદ અંબાજી મંદિરની ઓળખ છે. ભાવીકભક્તો પણ મા અંબાના ધામે આવી આ પ્રસાદ અચૂક લેતા હોય છે અને પરિવાર માટે પણ

સાથે લઈ જાય છે. ત્યારે મોહનથાળનો પ્રસાદ બંધ થતાં અંબાજી મંદિર આવતા યાત્રાળુઓમાં પણ રોષની લાગણી જોવા મળી છે.

આજે રવિવારના દિવસે અંબાજી મંદિરમાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ દૂર દૂરથી મા અંબાના ચરણે આવી પહોંચ્યા હતા. ત્યારે તેમને મોહનથાળનો મહાપ્રસાદ ન મળતાં યાત્રાળુઓએ પોતાની નારાજગી વ્યક્ત કરી હતી. અને અંબાજી મંદિર દેવસ્થાન ટ્રસ્ટના આ નિર્ણયને લઈને વિરોધ દર્શાવ્યો હતો. અંબાજી મંદિરમાં માઈભક્તોએ ભારે હોબાળો મચાવ્યો હતો. અંબાજી મંદિરમાં મોહનથાળનો પ્રસાદ બંધ થતા તમામ ભક્તો નારાજ થયા છે.માઈ ભક્તો જણાવી રહ્યા છે કે અમને જેલમાં પૂરી દો પણ મોહનથાળનો મહાપ્રસાદ ફરી એકવાર મંદિરે ચાલુ થવો જોઈએ. અંબાજી મંદિર ખાતે ૩ માર્ચથી મોહનથાળનો મહાપ્રસાદ બંધ કરવામાં આવ્યો છે. તેના બદલામાં ચીકીનો પ્રસાદ આપવામાં આવી રહ્યો છે. ત્યારે દૂર દૂરથી આવતા ભક્તોએ મોહનથાળનો મહાપ્રસાદ ન મળતાં પોતાનો વિરોધ દર્શાવ્યો હતો.

મોહનથાળ ૪૫ દિવસ સુધી આરોગવા યોગ્ય....

આ બાબતે મોહિની કેટરર્સના મેનેજરે જણાવ્યું હતું કે, આ મોહનથાળનો મહાપ્રસાદ શુદ્ધ દેશી ઘીમાં બનાવવામાં આવતો હોય છે.જેને ભક્તિભાવથી તમામ કામદારો બનાવે છે. શુદ્ધ દેશી ઘીમાં બનેલ મહાપ્રસાદ મોહનથાળને લઈ કેટલીવાર ફૂડ એન્ડ ડ્રગ્સ દ્વારા તેની તપાસ પણ કરવામાં આવી હતી. જેને લઈને તેમના રિપોર્ટમાં ૪૫ દિવસ સુધી આ મહાપ્રસાદ ખાવા યોગ્ય ગણાયો હતો. તો સાથે સાથે અંબાજી મંદિરને ગૌરવ બનતો ભોગનો એવોર્ડ પણ મોહનથાળના લીધે આપવામાં આવ્યો છે.પણ મોહનથાળ બંધ થતા સમગ્ર પ્રક્રિયા મેકિંગથી પેકિંગમાં